ઈસરોલી ગામમાં મરઘાંના ખોરાકની આડમાં દારૂની હેરાફેરી

રૂ.33.48 લાખનો દારૂ ભરેલી ટ્રક સાથે ચાલક પકડાયો

પલસાણાઃ સુરત એલસીબીની ટીમે બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનની હદમાં ઈસરોલી ગામની સીમમાંથી ટ્રકમાં મરઘાંના ખોરાકની આડમાં લઈ જવાતા વિદેશી દારૂના જથ્થા સાથે ચાલકની ધરપકડ કરી હતી. પોલીસે 33.48 લાખના વિદેશી દારૂ સાથે કુલ 54.19 લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

સુરત જિલ્લા એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી. એ સમયે બાતમી મળી હતી કે, એક ટાટા ટ્રક નં.(જીજે 27 ટીએફ 3562)નો ચાલક ધુલિયા તરફથી વિદેશી દારૂનો જથ્થો ભરી નવાપુર વ્યારા થઈ સુરત તરફ જનાર છે અને હાલ ટ્રક સોનગઢ નજીક પસાર થાય છે.

આ બાતમીના આધારે પોલીસે બારડોલીના ઈસરોલી ગામની સીમમાં ને.હા.નં.53 પર વોચ ગોઠવી હતી. તે સમયે ત્રણવલ્લા નજીક ટ્રક આવતા જ પોલીસે તેને અટકાવી અંદર તપાસ શરૂ કરી હતી, જેમાં મરઘાંના ખોરાકની આડમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડેલો હતો.

પોલીસે ટ્રકમાંથી 22320 બોટલ વિદેશી દારૂ કિં.રૂ.33.48 લાખ કબજે લીધો હતો. ઉપરાંત પોલીસે ટેમ્પો કિં.રૂ.20 લાખ, મરઘાંનો ખોરાક 38 બેગ કિં. રૂ.64600, બે મોબાઈલ ફોન કિં. રૂ. 7 હજાર મળી કુલ 54,19,600 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે ચાલક કાળુસિંગ શંભુસિંગ સોલંકી (ઉં.વ.33) (રહે.,ભાદરવા, તા.મહેકપુર, જિ.ઉજ્જૈન, મધ્યપ્રદેશ)ની ધરપકડ કરી હતી. જ્યારે કરણસિંગ ઉર્ફે રાજેન્દ્રસિંગ રાજપૂત (રહે., સેકાખેડી, તા.મહેતપુર, જિ.ઉજ્જૈન, મધ્યપ્રદેશ)ને વોન્ટેડ જાહેર કર્યો હતો.

વાઘેચમાં પુર્ણા નદી ઉપર આડબંધ બાંધવા બાબતે કાર્યવાહીનો આદેશ

માજી સરપંચની ફરિયાદ બાદ મામલતદારની સ્થળ તપાસ

બારડોલીઃ બારડોલીના વાઘેચ ગામથી પસાર થતી પુર્ણા નદીના પટમાં નદીનો પ્રવાહ રોકી મોટાપાયે રેતીખનન કરવામાં આવી રહ્યું છે. આ અંગે અનેક ફરિયાદો છતાં કોઈ કાર્યવાહી થઈ ન હતી. જો કે, મંગળવારે બારડોલી મામલતદારની ટીમે સ્થળ નિરીક્ષણ કર્યું હતું અને સિંચાઇ વિભાગની ટીમને તાત્કાલિક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર બારડોલીનું વાઘેચ ગામ સુરત જિલ્લાનું છેવાડાનું ગામ છે. આ ગામની સીમમાંથી પસાર થતી પૂર્ણ નદીના સામે કાંઠે નવસારી જિલ્લાનું કુરેલ ગામ આવેલું છે. કુરેલ ગામમાં રેતી કાઢવા માટે લીઝધારકોને લીઝની ફાળવણી કરવામાં આવી છે. કુરેલ ગામના લોકો દ્વારા ગામમાંથી રેતી વહન કરવા દેવામાં આવતું ન હોય લીઝ ધારકો દ્વારા જિલ્લાની હદ પાર કરી વાઘેચ ગામના રસ્તાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વાઘેચ આવવા માટે આખી નદીમાં આડબંધ બાંધી દેવામાં આવ્યો છે. જેના કારણે નદીનો ફુદરતી પ્રવાહ રોકાઈ ગયો છે. કોઈપણ જાતની પરવાનગી વગર રેતી માફિયાઓ દ્વારા આડબંધ બાંધી દેવામાં આવ્યો છે. આ અંગે અગાઉ માજી સરપંચ રંજનબેન દ્વારા બારડોલી મામલતદારને ફરિયાદ પણ આપવામાં આવી હતી. જો કે તેમ છતાં કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી ન હતી. દરમિયાન મંગળવારે બારડોલી મામલતદાર કલ્પના પટેલ દ્વારા સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, માજી સરપંચની ફરિયાદ બાદ અમે મંગળવારના રોજ સ્થળ નિરીક્ષણ કર્યું છે અને સિંચાઇ વિભાગને તાત્કાલિક કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી છે.

સંક્ષિપ્ત સમાચાર

માંડવી તેજસ આંખની હોસ્પિટલે 1 લાખમું મોતિયાનું ઓપરેશન કર્યું

માંડવીઃ દિવ્યજ્યોતિ ટ્રસ્ટ સંચાલિત તેજસ આંખની હોસ્પિટલે તાજેતરમાં 1 લાખ મોતિયાનું સફળ ઓપરેશન કર્યું છે. આ હોસ્પિટલ છેલ્લાં 15 વર્ષથી માંડવી અને આસપાસના 150 કિલોમીટરના વિસ્તારમાં આંખની સારવાર પૂરી પાડી રહી છે. સન-2011માં શરૂ થયેલી આ હોસ્પિટલ આંખની સારવાર ઉપરાંત આંખની સારવાર સંબંધિત તાલીમ, ડોક્ટરોની તાલીમ, અંધજન પુનર્વસન (અંધ બાળકોની હોસ્ટેલ), સંશોધન અને પર્યાવરણલક્ષી કામગીરી માટે પણ સતત પ્રયાસો કરે છે. કામગીરી માટે પણ સતત પ્રયાસો કરે છે. છેલ્લાં લગભગ પંદર વર્ષમાં હોસ્પિટલ દ્વારા 1.50 લાખથી વધુ વિવિધ પ્રકારના આંખનાં ઓપરેશનો કરવામાં આવ્યાં છે. આ પૈકી 75% જેટલાં ઓપરેશનો ગરીબો માટે વિનામૂલ્યે અને અન્યો માટે વાજબી દરે કરવામાં આવ્યાં છે. તેજસ આંખની હોસ્પિટલ દ્વારા 20 જાન્યુઆરી, 2026ના રોજ 1 લાખમું મોતિયાનું ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું. આ ઓપરેશન દર્દી હંસાબેન ઉક્કડિયાભાઈ વસાવા પર કરવામાં આવ્યું હતું. આ સિદ્ધિની ઉજવણી દર્દીને શાલ અને ભેટ આપીને તેમજ સ્ટાફ સાથે સમૂહ ભોજન કરીને કરવામાં આવી હતી.

ખેર તસ્કરી કેસનો આરોપી ઝડપાયો

માંડવીઃ માંડવી વન વિભાગે ખેર તસ્કરીના ગુનામાં ફરાર આરોપી અબ્બાસ ખાન હાફિઝ ખાનની ભીલાડ, વલસાડ ખાતેથી ધરપકડ કરી છે. આરોપીને માંડવી કોર્ટમાં રજૂ કરાતાં ત્રણ દિવસનાં રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યાં છે. આ કાર્યવાહી માંડવી દક્ષિણ રેન્જ ગુના. MSKC-2/10/2024-25, તા-14-6-2024 ના સંદર્ભમાં કરવામાં આવી હતી. સુરત વન વર્તુળના વન સંરક્ષક પુનિત નૈય્યર, નાયબ વન સંરક્ષક ધીરજકુમાર અને મદદનીશ વન સંરક્ષક હિતેશ આર. જાદવની સૂચના મુજબ આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. વન વિભાગને ખાનગી બાતમી મળી હતી કે આ ગુનામાં સતત નાસતો ફરતો આરોપી અબ્બાસ ખાન હાફિઝ ખાન (રહે.,ભીલાડ, જિ.વલસાડ, મૂળ રહે.,ઝરવલ, કેસરગંજ, જિ. બહેરાઈચ, ઉત્તર પ્રદેશ) ભીલાડ સ્થિત ઘરે હાજર છે. રેકી બાદ માહિતી મળી કે તે પોતાની ફોરવ્હીલ ગાડીમાં બેસીને ઉત્તર પ્રદેશ ભાગી જવાની તૈયારીમાં છે. સ્ટાફના માણસોએ તા.19-1-2026 ના રોજ બપોરે 3:10 વાગ્યે તેને તેના ઘર પાસેથી પકડી પાડ્યો હતો. 42 વર્ષીય અબ્બાસ ખાન અગાઉ પણ ખેર તસ્કરીના સમાન ગુનામાં સંડોવાયેલો છે. સને 2022માં નાનાપોંઢા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલો છે.

સોનગઢ કોલેજનું ગૌરવ

સોનગઢઃ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, સોનગઢના વિદ્યાર્થિની ભાવનાબેન બાકારામભાઈ વસાવાએ પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. તેમણે "આદિવાસી કેન્દ્રીત હિન્દી ઉપન્યાસોં કા અધ્યયન" વિષય પર પોતાનો મહાશોધ નિબંધ આચાર્ય ડો.રાજેશ પટેલના માર્ગદર્શન હેઠળ રજૂ કર્યો હતો. આ નિબંધને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા માન્યતા આપી ભાવનાબેનને પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે.

સાબરગામ કોલેજમાં રિ-યુનિયન કમ એલ્યુમની મીટ યોજાઈ

અંત્રોલીઃ શ્રી દક્ષિણ ગુજરાત શિક્ષણ સમાજ કુંભારીયા સંચાલિત અંબાબા કોમર્સ કોલેજ, મણીબા ઇન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ એન્ડ દેવીબા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન, સાબરગામમાં તા.૧૮/૧/૨૦૨૬ ને રવિવારે રિ-યુનિયન કમ એલ્યુમની મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વર્ષ-૨૦૦૪થી ૨૦૨૫ સુધી કોલેજમાં અભ્યાસ કરેલા ૩૦૦થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. કોલેજનાં આચાર્યા ડો.ફાલ્ગુનીબેન ઠક્કર દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કરાયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડો.અર્ચનાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે પ્રા. ડો.મેહુલભાઈ ગાંધી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ટ્રસ્ટીગણ, શૈક્ષણિક સ્ટાફ, બિન શૈક્ષણિક સ્ટાફ અને સેવક ભાઈઓએ મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

'Quack Quack' ડેટિંગ એપ પર 'દિલ' આપ્યું, ને યુવાન ફુલ્લી ફસાયો

આ જ ટોળકીએ અડાજણના આધેડને પણ ખંખેરી લીધો હતો

સુરતના યુવકને ડેટિંગના બહાને મોતા બોલાવી નકલી પોલીસે ૫ લાખની ખંડણી માંગી, ૧૦ હજાર ખંખેર્યા

બારડોલીઃ ડેટિંગ એપ દ્વારા લોકોને પ્રેમજાળમાં ફસાવી, નકલી પોલીસ બની બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી ખંડણી વસૂલતી ટોળકીનો વધુ એક કરનામું બહાર આવ્યું છે. આ ટોળકીએ સુરતના વધુ એક યુવકને ભોરવીને રૂ.10 હજાર પડાવી લીધા હતા. ગત રોજ હનીટ્રેપ કરતી ટોળકી પકડાઈ હતી. તેની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે આ જ જગ્યા પર તેમણે સુરતના અન્ય એક યુવકને પણ ફસાવી દસ હજાર પડાવ્યા હતા.

યુવકે મોબાઈલમાં 'Quack Quack' નામની ડેટિંગ એપ ઇન્સ્ટોલ કરી હતી, જેના પર તેમની મુલાકાત જાગૃતિ ઉર્ફે જાન્વી પટેલ નામની યુવતી સાથે થઈ હતી.

૧ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ જાન્વીએ તેમને મળવા માટે મોતા ગામની શ્રીવિલા સોસાયટીમાં બોલાવ્યા હતા. જ્યારે ફરિયાદી યુવતી સાથે વાતચીત કરી રહ્યા હતા, ત્યારે અચાનક ત્રણ શખ્સો ઘરમાં ઘૂસી આવ્યા હતા અને પોતાની ઓળખ પોલીસ તરીકે આપી ફરિયાદીને માર મારવાનું શરૂ કર્યું હતું.

૫ લાખની માંગણી અને ખંડણી આ ટોળકીએ ફરિયાદીને ડરાવીને ધમકી આપી હતી કે જો આ મામલો પતાવવો હોય તો ૫ લાખ રૂપિયા આપવા પડશે, અન્યથા તેમને બળાત્કારના ખોટા કેસમાં ફસાવી દેવામાં આવશે. ફરિયાદીએ આજીજી કરતાં અંતે ૧.૫ લાખમાં પતાવટ કરવાનું નક્કી થયું હતું, જેમાંથી આરોપીઓએ તે સમયે યુવક પાસેથી ૧૦,૦૦૦ રૂપિયા રોકડા પડાવી લીધા હતા.

આ મામલે પોલીસે મયૂર તાયડે (રહે.,ડિંડોલી, સુરત), કિષ્ના રામ (રહે.,મોતા, બારડોલી), ગૌરવભાઈ મહેશભાઈ પારેખ (રહે.,અમરોલી, સુરત) અને જાગૃતિ ઉર્ફે જાન્વી પટેલ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. ફરિયાદીને જાણ થઈ હતી કે આવી જ રીતે અન્ય લોકોને ફસાવનાર ટોળકી પકડાઈ છે, જેમને જોઈને તેમણે ઓળખી કાઢ્યા હતા અને ૧૯ જાન્યુઆરી-૨૦૨૬ના રોજ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. હાલમાં બી.એન.એસ.ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી પીએસઆઈ પાર્થકુમાર ચૌધરીએ વધુ તપાસ હાથ ધરી છે.

'બાળકો ભણવા આવે છે કે બગીચો સાફ કરવા?': વિદ્યાર્થીને પરાઈ વાગી

વ્યારાના સિંગી ફળિયામાં સરકારી પ્રાથમિક શાળામાં બાગકામ કરતી વેળા વિદ્યાર્થી ઘાયલ

વ્યારાઃ વ્યારાના સિંગી ફળિયા સ્થિત સરકારી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ પાસે બાગકામ કરાવતી વેળાએ ધોરણ આઠમાં ભણતા પાર્થ રાહુલ ગામીતને ડાબા પગની આંગળીમાં ઈજા થઈ હતી. લોખંડની પરાઈ વાગતા ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને સારવાર આપવાની જગ્યાએ શાળા સંચાલકોએ વિદ્યાર્થીની માતાને બોલાવતાં માતાએ ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને સારવાર માટે લઈ જવાની નોબત આવી હતી. ત્યારે ઈજાગ્રસ્ત પાર્થે સહિત શાળા ભણતા અન્ય વિદ્યાર્થીઓએ શાળામાં શિક્ષકો બાળકો પાસે બાગકામ કરાવતા હોવાનું જણાવ્યું હતું. ત્યારે શૈક્ષણિક પ્રવૃત્તિ દરમિયાન સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓ પાસે કરાવવામાં આવતી હોય શાળામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે આવે છે કે પછી બાગ બગીચાની કામગીરી કરવા આવે છે તેને લઈને અનેક સવાલો ઊઠ્યા છે. વિદ્યાર્થી પાર્થની માતા નીલકેશ્વરી ગામીતે પાર્થને પગની આંગળીમાં ત્રણ ટાંકા આવ્યા હોવાનું જણાવ્યું હતું. અને શાળાના શિક્ષક ઈજાગ્રસ્ત પાર્થને જોવા પૂછવા પણ આવ્યા ન હોવાનો રોષ ઠાલવ્યો હતો. શાળાના આચાર્યને આ બાબતે પૂછવામાં આવતાં વિદ્યાર્થીઓ પાસે શાળામાં બાગ-બગીચામાં કામ કરાવવામાં આવતું હોવાનું જણાવ્યું હતું અને પાર્થને બાગમાં કામ કરતી વખતે લોખંડની પરાઈ પગની આંગળીમાં વાગી હોવાનું કહ્યું હતું.

રાણીઆંબા ગ્રામ પંચાયત વિવાદ સત્તાનો મોહ કે સેવાનો અભાવ?

વર્ષ-1995થી શાસન છતાં ગામોમાં વિકાસ કામો નહીંવત

જૂથ પંચાયતના ટુકડા કરવા કલેક્ટર અને TDOને રજૂઆત

વ્યારાઃ વ્યારા તાલુકામાં પૂર્વ પટ્ટીનાં સાત ગામોની બનેલી રાણીઆંબા જૂથ ગ્રામ પંચાયત વિભાજન મુદ્દે જિલ્લામાં ચર્ચાનો વિષય બની છે. ગ્રામજનોએ અગાઉ રાણીઆંબા જૂથ ગ્રામ પંચાયતમાંથી બે અલગ ગ્રામ પંચાયતની માંગણી માટે તાપી કલેક્ટરને લેખિત રજૂઆત કર્યા બાદ તા.17-1- 2026 રાણીઆંબા જૂથ ગ્રામ પંચાયતના સરપંચ સહિત સભ્યોએ ગ્રામ પંચાયતનું વિભાજન ન કરવા માટે વ્યારા તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં રજૂઆત આપી હતી અને વિપક્ષના લોકો ગ્રામજનોને ગુમરાહ કરી અલગ ગ્રામ પંચાયત બનાવવા ષડયંત્ર રચાતા હોવાના આક્ષેપો કર્યા હતા. ત્યારે હવે ગતરોજ ગ્રામજનોએ રાણીઆંબા જૂથ ગ્રામ પંચાયતના વિભાજન મુદ્દે સરપંચના આક્ષેપો પાયાવિહોણા હોવાનું જણાવી સરપંચ નરસિંહ ગામીત પોતે છેક વર્ષ-1995થી સરપંચ માટેની ઉમેદવારી કરતા આવ્યા છે તેમજ તેમનાં પત્ની લીલાબેન તેમજ પોતે ચાર ટર્મથી સરપંચનું પદ ભોગવતા આવ્યાં છે. તેમ છતાં જૂથ પંચાયતનાં ગામોમાં વિકાસનાં કામો નહીંવત્ જોવા મળે છે અને વિકાસનાં કામોમાં ગેરરીતિ આચરવામાં આવી છે. સરપંચ અને તલાટી દ્વારા ગત વર્ષે તા.1-11-2025ના રોજ રાણી આંબા જૂથ ગ્રામ પંચાયતના વિભાજન મુદ્દે ગ્રામ પંચાયત અને સામાન્ય સભાનો ઠરાવ પસાર કરાયો છે ત્યારે સરપંચ દ્વારા ગ્રામ પંચાયતના વિભાજન મુદ્દે કરેલા આક્ષેપો ખોટા હોવાનું જણાવી ગતરોજ રાણીઆંબા જૂથ ગ્રામ પંચાયતના ગ્રામજનોએ પંચાયતના વિભાજનની પ્રક્રિયા અંગેની અરજીને મંજૂર કરવામાં આવે તેવી પ્રબળ માંગ કરી હતી.

'વિકાસ' ઉપર વિવાદ વિરોધી સભ્યો સામે વાલોડનાં સરપંચ આક્રમક

સામાન્ય સભાના ઠરાવ છતાં કામ અટકાવવાનું ગંદું રાજકારણ

સરપંચે પુરાવા સાથે ઉચ્ચ અધિકારીઓનું ધ્યાન દોર્યું

વાલોડઃ વાલોડ ગ્રામ પંચાયતના કેટલાક સભ્યો ખોટી ખોટી અરજીઓ કરી તેમજ વિકાસનાં કામો'મા અડચણ ઊભું કરતાં મહિલા સરપંચે આવા સભ્યોની અરજીઓને ધ્યાને ન લેવા તાલુકા વિકાસ અધિકારી વાલોડ તેમજ ડી.ડી.ઓ.ને લેખિત અરજી કરી હોવાનું જાણવા મળે છે.

વાલોડ ગ્રામ પંચાયતમાં છેલ્લા કેટલાક સમયથી વિકાસ કામોને બ્રેક લાગી ગઈ છે. સરપંચ, સભ્યો અને તલાટી વચ્ચે સંકલનના આભાવે અંદરો અંદર વિખાવાદ ઊભો થતો આવ્યો છે. ત્યારે મંગળવારે સરપંચ વિજ્યાબેન નાઈક તથા 13 જેટલા સભ્યોએ વાલોડ ટી.ડી.ઓ. તેમજ ડી.ડી.ઓ.ને લેખિત રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, ગત તા.18-10-25ના રોજ મળેલી સામાન્ય સભામાં વિકાસના કામોનો ઠરાવ મુજબ પાણી તેમજ ગંદા પાણીની ગટરનાં કામો સાથે ટાઈડનાં કામોનો ઠરાવ કરી કામગીરી શરૂ કરવામાં આવી હતી, જેમાં ત્રણથી ચાર સભ્યોને ઓછું પડતાં અને વિકાસનાં કામો અટકાવવા ડી.ડી.ઓ. તાપીને ખોટી ખોટી અરજીઓ કરી હતી. જેમનાં વિકાસનાં કામો પણ ઠરાવમાં લેવામાં આવ્યાં છે. તેમ છતાં તેઓ રાજકીય કિન્નખોરી રાખી વિકાસનાં કામોમાં અડચણરૂપ બની વારંવાર વિઘ્ન ઊભા કરી રહ્યાં છે. હાલમાં પણ વિકાસના કામો ન થાય અને પંચાયત બોડીને બદનામ કરવાના ઉદ્દેશથી ખોટી ખોટી અરજીઓ કરી રહ્યા છે. તેમજ તલાટી ક્રમ મંત્રીને પણ ફોન કરી કામ ન થાય તે માટે હેરાન કરતા હોય જેથી તેઓની અરજી ધ્યાને ન લઈ વિકાસના કામો થાય તે માટે યોગ્ય કાર્યવાહી કરવા ટી.ડી.ઓ. અને ડી.ડી.ઓ.ને અરજી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સાસુ સાથેના ઘરકામની બોલચાલ બાદ પરિણીતાનો આપઘાત

પલસાણાઃ પલસાણાના વરેલી ગામે આવેલી સાંઈદર્શન સોસાયટીમાં ઘરકામ બાબતે સાસુ સાથે થયેલી સામાન્ય બોલચાલથી મનમાં લાગી આવતાં ૨૬ વર્ષીય પરિણીતાએ પંખા સાથે ઓઢણી બાંધી ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

વરેલીની સાંઈદર્શન સોસાયટીના મકાન નં. ૨૫માં રહેતા અને વેલ્ડિંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા લલ્લનસીગ પારસસીગની ૨૬ વર્ષીય પત્ની ગુડિયાદેવીએ ગત રાત્રિના સમયે આ આત્મઘાતી પગલું ભર્યું હતું. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, ગત તારીખ ૧૭/૦૧/૨૦૨૬ના રોજ ગુડીયાદેવીને તેમના સાસુ સાથે ઘરકામની બાબતે સામાન્ય બોલચાલ થઈ હતી. આ બાબતે પતિ લલ્લનસીગ દ્વારા પત્નીને સમજાવવામાં આવી હતી. જો કે, આ વાતનું ગુડિયાદેવીને મનમાં લાગી આવ્યું હતું. ૧૮ જાન્યુઆરીની રાત્રે અંદાજે ૧૦ વાગ્યાના અરસામાં, ગુડિયાદેવીએ ઘરના અંદરના રૂમનો દરવાજો અને વાડાનો દરવાજો અંદરથી બંધ કરી સીલિંગ ફેન સાથે ઓઢણી વડે ફાંસો ખાઈ લીધો હતો. આ ઘટનાની જાણ થતા જ પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

સુરતથી આપઘાત કરવા કોસંબા આવેલી મહિલાનો જીવ બચાવાયો

હથોડાઃ સુરતના મગદલ્લા ખાતે રહેતા પતિ-પત્ની નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. પરંતુ કેટલાક વખતથી અવારનવાર ઘરકંકાસ થતાં કંટાળેલી મહિલા મરવાનું પસંદ કરી સુરત રેલવે સ્ટેશન આવ્યા બાદ ટ્રેન માટે કોસંબા આવી હતી અને કોસંબા રેલવે સ્ટેશને ટ્રેન આગળ પડતું મૂકવાનું નક્કી કરી ટ્રેન આગળ ઝંપલાવે એ પહેલા સુરત પોલીસે જાણ કરતાં એલર્ટ થયેલી કોસંબા પોલીસે ઘટના સ્થળે મહિલાને કોર્ડન કરી બચાવી લીધી હતી અને તેના પતિ સાથે સમજાવટ કરી મિલન કરાવ્યું હતું.

બગુમરામાં શ્રી ગણેશ એન્ટરપ્રાઇઝમાં બીજા માળેથી પટકાતાં શ્રમિકનું મોત

પલસાણાઃ જોલવા ગામે આરાધના લેક ટાઉનમાં રહેતા અવધેશભાઈ રાજેન્દ્રપ્રતાપ સિંગ (ઉં.વ.૫૯) બગુમરાની 'શ્રી ગણેશ એન્ટરપ્રાઇઝ' (ઘનશ્યામ નગર-૨)માં મજૂરીકામ કરતા હતા. ગત તા.૨૯ ડિસેમ્બર-૨૦૨૫ના રોજ રાત્રિના આશરે ૧૧વાગ્યાની આસપાસ તેઓ નાઈટ શિફ્ટમાં ફરજ પર હતા. દરમિયાન કારખાનાના બીજા માળે મશીન ચાલુ કરવા માટે ગયા હતા, જ્યાં અચાનક સંતુલન ગુમાવતાં તેઓ સીધા બીજા માળેથી નીચે પટકાતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માતમાં તેમને જમણા ખભાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત અવધેશભાઈને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જો કે, લાંબી સારવાર બાદ ગત તા.૧૯/૧/૨૦૨૬ના રોજ મોડી રાત્રે ૧૨:૩૦ વાગ્યે ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે મૃતકના પુત્ર આકાશ સિંગે પલસાણા પોલીસને જાણ કરતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ આદરી છે.

માંગરોળમાં શોભાયાત્રા યોજાઈ

વાંકલઃ માંગરોળ તાલુકામાં વિશ્વ ઉદ્ધારક શ્રીમંત ભગવાન કરુણાસાગરનો 254મો પ્રાગટ્યોત્સવ (મહા સુદ બીજ)ની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે વિવિધ ગામોમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી. તો ભજન-કિર્તન, મહાઆરતી, શોભાયાત્રા અને મહાપ્રસાદી યોજાઈ હતી.

ઓલપાડ તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળ જોગ

સુરતઃ ઓલપાડ તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ કરસનભાઈ પટેલ જણાવે છે કે, મંડળ તરફથી જે ગિફ્ટનું વિતરણ કરવામાં આવ્યું છે તે 95 ટકા પૂર્ણ થઈ ગયું છે.

જે લોકોને ગિફ્ટ લેવાની બાકી છે તેની છેલ્લી તારીખ 28-2-2026 છે. તો તે પહેલાં (દર મંગળવારે 12થી 5) મેળવી લેવા જણાવાયું છે. એ પછી ગિફ્ટ આપવામાં આવશે નહીં.

Dakshin Gujarat Vij Company Limited
CIN U40102GJ2003SGC042909
Kadodara Division
GETCO 66 KV SS Compound, Kadodara, Surat 394 327
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

Tender Notice

Tenders are invited from registered contractors for (1) Supply, installation, testing & commissioning earthing system for transformer center with maintenance free, Ready capsules, Pipe in Cage (PIC) type earthing and connection to the various parts of transformer center using GI strip and GI nut bolt under various Schemes for all sub-divisions under Kadodara Division. For further details & download, please visit tender.dgvcl.com & https://tender.nprocure.com.

EE (O&M), Kadodara Division Office, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents

ભરૂચ નિર્દિષ્ટ વિસ્તાર
મુખ્ય અધિકારીશ્રી ની કચેરી
ફોન નં.(૦૨૬૪૨)૨૪૫૫૯૬
નિવિદાનં.૦૩/૨૦૨૫-૨૬

મુખ્ય અધિકારી, નિર્દિષ્ટ વિસ્તારની કચેરી, એપેક્ષ હોટલ નજીક, પ્લોટ નં. ૬૯, ફેઝ- ૧, નર્મદા નગર, જીઆઇડીસી, ભરૂચ, તરફ થી જીઆઇડીસી, ગુજરાત રાજ્ય જાહેર બાંધકામ વિભાગ, હાઉસીંગ બોર્ડ અને જાહેર આરોગ્ય ખાતા ની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ યાદીનાં કોન્ટ્રાક્ટરો પાસે થી જુદા જુદા કામો નાં ટેન્ડરો જેની અંદાજીત કીંમત રૂ! ૩.૬૩ લાખ થી ૪૧.૧૭ લાખ છે તે મંગાવવામાં આવેલ છે.

અ. નં.	ઓન લાઈન ટેન્ડર	આ ટેન્ડર ફક્ત ઓન લાઈન તા. ૨૩/૦૧/૨૦૨૬ થી ૦૫/૦૨/૨૦૨૬ ના ૧૭-૦૦ કલાક સુધી વેબ સાઈટ https://tender.nprocure.com, GEM Portal અને www.statetenders.gujarat.gov.in
૧		

આ કામના ઓનલાઈન માટે ના બીજા દસ્તાવેજી પુરાવા, બાનાની રકમ, ટેન્ડર ફી, રજીસ્ટ્રેશન ની કોપી વિગેરે તા. ૦૬/૦૨/૨૦૨૬ થી તા. ૦૭/૦૨/૨૦૨૬ ના ૧૭-૦૦ કલાક સુધીમાં સ્પીડ પોસ્ટ/કુરિયર/ હેન્ડ ડીલીવરી થી મળે તે રીતે મુખ્ય અધિકારી, નિર્દિષ્ટ વિસ્તારની કચેરી, જીઆઇડીસી, ભરૂચની કચેરી ને મોકલવા. ટેન્ડર ઓપનીગ તા. ૦૯/૦૨/૨૦૨૬ રોજ ૧૨-૦૦ કલાકે ખોલવામાં આવશે.

આ કામની નિવિદા ઓફીસનાં નોટીસ બોર્ડ ઉપર તેમજ વેબસાઈટ https://tender.nprocure.com, GEM Portal અને www.statetenders.gujarat.gov.in માં જોવા મળશે. વધુ માહીતીની જરૂરીયાત હોય તો મુખ્ય અધિકારી, નિર્દિષ્ટ વિસ્તારની કચેરી, જીઆઇડીસી, ભરૂચની કચેરી (ફોન ૦૨૬૪૨-૨૪૫૫૯૬) ખાતે કામકાજ ના સમય દરમ્યાન મેળવી શકશે.

સહી/-
મુખ્ય અધિકારી (નિ.વિ.),
જીઆઇડીસી,ભરૂચ/પાલેજ.

માહિતી/ભરૂચ/૭૧૭/૨૦૨૬